જૂન-૨૦૧૨ના શૈક્ષણિક વર્ષથી રાજ્યની
તમામ માધ્યમિક શાળાઓમાં ધોરણ-૮ ના
વર્ગો બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક :- બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૩-૧૦-૨૦૧૧.

વંચાણે લીધા :-

(૧) મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ (RTE-Act), ૨૦૦૯.
(૨) ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૭-૦૪-૧૧ નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૧૧-૨૧૮૮૦૫-ક.

પરિપત્ર :-

મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ (RTE-Act), ૨૦૦૯ની કલમ-૨(F) મુજબ ધોરણ-૧ થી ૮ નો પ્રાથમિક શિક્ષણમાં સમાવેશ કરવાનો થાય છે અને આ કાયદાની કલમ-૬ ની જોગવાઇ મુજબ,કાયદો અમલમાં આવ્યા તારીખથી ત્રણ વર્ષની અંદર તબક્કાવાર રીતે માધ્યમિક શાળામાંથી ધોરણ-૮ ને ખસેડીને પ્રાથમિક શાળામાં સમાવેશ કરવાની કાર્યવાહી પૂર્ણ કરવાની થાય છે.

રાજ્ય સરકાર દ્વારા "ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦" અન્વયે ભારત સરકારના ઉક્ત કાયદાનો અમલ ગુજરાત રાજ્યમાં તા.૧-૪-૧૦ થી કરવાનું નક્કી થયેલ છે.

હાલ ધોરણ-૮,પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા બન્ને વિભાગમાં ચાલે છે તેના કારણે બન્ને જગ્યાએ વિદ્યાર્થી સંખ્યા ખૂબ ઓછી હોય છે જે શાળા સંચાલનની દષ્ટિએ બિનકરકસરયુક્ત (Uneconomical) ગણાય આથી ગ્રાન્ટેડ અને સરકારી માધ્યમિક શાળાઓમાં ધોરણ-૮ ના વર્ગો બંધ કરવા અંગે સરકારે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

(૧) જૂન-૨૦૧૨ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના ધોરણ-૮ ના તમામ વર્ગો બંધ થશે અને શિક્ષણ વિભાગના તા.૭-૪-૧૧ ના ઠરાવથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૧-૧૨ ના શૈક્ષિણક વર્ષમાં ધોરણ-૮ ના નવા વર્ગો શરૂ કરવાની નીતિ નક્કી કરવામાં આવેલ છે તે મુજબ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ ના નવા વર્ગો શરૂ કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૨) વર્ષ-૨૦૧૨-૧૩ ની અંદાજપત્રીય કામગીરી ટૂંક સમયમાં શરૂ થશે. આથી ધોરણ-૮ ના નવા વર્ગો શરૂ કરવા માટે અંદાજપત્રમાં નવી બાબત તરીકે જરૂરી જોગવાઇ કરવા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ,(મા.શિ)
શિક્ષણ વિભાગ.

પ્રત

- માન. મુખ્યમંત્રીશ્રીના અચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રા અને મા. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રા. શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર/વડોદરા.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
  તમામ જિલ્લા વિકાસ અધિકારશ્રીઓ
  તમામ જિલ્લા પ્રાથમિક અધિકારીશ્રીઓ/ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
  સર્વે શાસનાધિકારી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઓન લાઇન મુકવા સારું
- સિલેકટ ફાઇલ. ગ-શાખા
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.